પેન્શનના લાભો :-
રુપાંતરીત ગ્રામ/ નગર પંચાયતોના રાજીનામુ
આપનાર એલોકેટેડ કર્મચારીઓને આપવા બાબત...

ગુજરાત સરકાર,
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ નપમ - ૨૪૯૭- ૧૩૪૩ - ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯-૫-૨૦૦૦.

વંચાણે લીધા :-

૧) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તાઃ ૧૫-૧૨-૮૮ ના ઠરાવ ક્રમાંકઃ નપમ - ૧૦૮૬- ૩૨૧૧-૮૮- ક.

૨) ખાસ દિવાની અરજી ક્રમાંકઃ ૫૨૬૯/૯૭ માં નામદાર ગુજરાત હાઈકોર્ટના તારીખઃ ૨૬-૭-૯૯ ચુકાદો..

૩) ખાસ દિવાની અરજી ક્રમાંકઃ ૨૧૩૪/૮૮, ૩૦૭૯/૯૧ ૫૦૯૩/૯૧ તથા ૫૦૯૪/૯૧ માં નામદાર ગુજરાત હાઈકોર્ટનો તાઃ ૯-૫-૯૭ નો ચુકાદો...

સુધારો :-

નામ. ગુજરાત હાઈકોર્ટના આમુખ ક્રમાંકઃ (૨) સામેના તાઃ૨૬-૭-૯૯ ના ચુકાદાને ધ્યાનમાં લઈને આમુખના ક્રમાંકઃ (૧) સામેના માં વિભાગમાં તારીખઃ ૧૫-૧૨-૮૮ના ઠરાવના ફકરા - ૩ (૨) મુજબ રુપાંતરીત ગ્રામ / નગર પંચાયતના કર્મચારીઓની સેવાની શરતો અંગેના નિયમોમાં નિવૃત્તિ થવાની વયમર્યાદા નક્કી કરાયેલ ન હોય અને તેમને ઉંમરને કારણે થતી અશક્તિને કારણે સેવામાંથી રાજીનામુ આપવાનુ કે નિવૃત્તિ લેવાનુ બન્યુ હોય તેવા કર્મચારીઓને પેન્શનનો લાભ મળશે તેવુ જે ઠરાવેલ હતુ. તેમાં ફેરફાર કરીને નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૧) ભુતપુર્વ સુધરાઈઓમાંથી રુપાંતરીત ગ્રામ/ નગર પંચાયતોના એલોકેટેડ કર્મચારીઓની સેવાઓની શરતો અંગેના નિયમોમાં નિવૃત્તિ થવાની વયમર્યાદા નક્કી કરાયેલ ન હોય અને તેમને સેવામાંથી રાજીનામુ આપવાનુ કે નિવૃત્તિ લેવાનુ બન્યુ હોય તેવા કર્મચારીઓને ( પરદેશ જવા માટે રાજીનામુ આપેલ હોય અને પરદેશ ગયા હોય તે સિવાયના ) નાણા વિભાગની પ્રવર્તમાન સુચનાઓ મુસાર મીનીમમ કે પેન્શનપાત્ર નોકરી થતી હશે તો તેવા કર્મચારીઓને નિયમો અનુસાર મળવાપાત્ર પેન્શનનો લાભ મળશે.

૨) ઉપરોકત તાઃ ૧૫-૧૨-૮૮ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

૩) આ સુધારો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાકીય સલાહકારશ્રીની તા: ૧૧-૨-૨૦૦૦ ની અનુમતી તેમજ નાણા વિભાગની તા: ૭-૩-૨૦૦૦ અને તા: ૨૮-૪-૨૦૦૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે:

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર. એસ. મેણાત )
સેકશન અધિકારી,
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ( પાંચ નકલો )
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડંટફંડ, અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, અમદાવાદ.
- નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ.
- સર્વે ~~જિલ્લા સહાયક~~ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. / સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, ( સુધરાઈઓ ) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ ~~[illegible]~~ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, જુની વિધાનસભાના મકાન સેક્ટર -૧૭, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સંબંધિત નગરપાલિકાઓ.
- સંબંધિત રૂપાંતરિત ગ્રામ પંચાયત.
- સિલેક્ટ ફાઈલ.